ગાંધીનગર સમાચાર

ઈન્ફોસીટી પાસે રાત્રે અસામાજીક તત્વોનો ત્રાસ

# માત્ર પાંચ કલાકના ગાળામાં પતિ-પત્નિ બંને અનંતધામની વાટે...!!!

## પીપળજ ગામે બનેલી ઘટનાએ દંપત્તિના સ્વજનો અને ગ્રામજનોમાં આશ્ચર્ય સાથે આઘાતની લાગણી પ્રસરાવી

ગાંધીનગર, તા.૩૧

છોડેગેંના હમ તેરા સાથ હો સાથી મરતે દમ તક... એક સુપરહીટ હિન્દી ફિલ્મના આ ગીતને સાચા અર્થમાં પીપળજ ગામના એક દંપતિએ સાર્થક કરી બતાવ્યું છે. માત્ર પાંચ કલાકના ગાળામાં છેલ્લા ૪૨ વર્ષથી દાંપત્યમાં એકમેકનો સાથ નિભાવી રહેલા પતિ-પત્નિ બંનેએ પરમધામની વાટ પકડી લેતા પરિવારજનો આશ્ચર્ય સાથે શોકાતુર બન્યા છે.

ગાંધીનગર તાલુકાના પીપળજ ગામે ખેતી કરી જીવનનિર્વાહ ગુજારી રહેલા ૫૮ વર્ષીય કચરાજી અરજણજી ઠાકોર તેમની ૫૬ વર્ષીય સજનબેન સાથે ૪૨ વર્ષથી દાંપત્યજીવનની ગાંઠે બંધાઈ સહજીવન નિર્વાહ કરી રહ્યા હતા. આ સહજીવન દરમિયાન તેમને ત્રણ દિકરીઓ અને એક પુત્રનો હર્યો ભર્યો સંસાર પણ પ્રાપ્ત થયો હતો દિકરીઓ મોટી થતા પરણાવી સાસરે વળાવી દીધી અને દિકરો પણ પરણીને પોતાનો સંસાર માંડી ચુકયો છે. આટલા વર્ષોમાં પતિ-પત્નિ એકમેક સાથે એવા સ્નેહની ગાંઠે બંધાયા હતા જેમાં બંનેને એકબીજા વગર જીવવું અશકય લાગતું હતું. સવારથી સાંજ સુધીના તમામ દૈનિક કાર્યોમાં બંને એકબીજાને પૂરક બનીને રહેતા હતા. પણ 'ન જાણ્યુ જાનકી નાથે, કાલે સવારે શું થવાનું છે' ની જેમ અચાનક તેમના આ સહજીવનને જાણે કોઈની નજર લાગી. તા. ૨૯મી જાન્યુઆરી શુક્રવારે અચાનક સજનબેનની તબિયત બીપી ઘટી જવાથી લથડી અને તેમને તાત્કાલિક સારવાર અર્થે ગામના ડોકટરની સલાહથી પેથાપુરની



ક્રિશ્ના હોસ્પિટલમાં દાખલ કરાયા. બીજી તરફ ખેતરમાં કામ કરી રહેલા કચરાજીને સમાચાર મળતા જાણે તેમના માથે આફત તુટી પડી. પત્નિને હોસ્પિટલમાં દાખલ કરાયાના સમાચારે કચરાજીને એટલો આઘાત પહોંચાડ્યો કે તેમને હૃદયરોગનો હુમલો આવ્યો. કચરાજીને તુરંત જ પીપળજથી પીંડારડાના માર્ગે આવેલ ગોયેન્કા હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા જયાં તેમનું આશરે સવારે ૧૧ કલાકે દુઃખદ અવસાન થવા પામ્યું હતું.

બીજી તરફ સજનબેનનું બીપી કંટ્રોલમાં નહોતુ આવતું. તેમની આંખો જાણે પોતાના પતિને શોધી રહી હતી. પરિવારજનોમાંથી કેટલાક સજનબેનની દેખભાળ માટે રોકાયા બાકીના સ્વજનોએ સાબરમતી નદીના કાંઠે કચરાજીની અંતિમક્રિયા સંપન્ન કરી. સગા સંબંધીની હિલચાલ અને શોકાતુર ચહેરા જોઈ બિમાર સજનબેનને કંઈક અમંગળ ઘટિત થયાનો અંદેશો આવી ગયો હતો. પોતાના પતિને આ સમયે દવાખાને ના જોતા તેમનું હૃદય પણ જાણે બેસવા લાગ્યું હતું. જયારે સ્વજનો કચરજીની અંતિમ વિધિ પતાવીને પરત પર્યા ત્યારે લગભગ ચાર વાગ્યાના સુમારે સનજબેને પણ તેમનો દેહ છોડી પતિ પાછળ અનંત ધામની વાટ પકડી લીધી હતી. સગા સંબંધીઓ અને પરિવારજનો માટે તો આ આશ્ચર્ય સાથે આઘાતની પળ હતી. માત્ર પાંચેક કલાકના જ ગાળામાં પતિ-પત્નિ બંને અનંતધામની યાત્રાએ ઉપડી જતા કુટુંબીજનો શોકાતુર બની ગયા હતા. અંતે, બીજા દિવસે સજનબેનની અંતિમક્રિયા પણ સાબરમતી કિનારે કચરાજીને અપાયેલ અગ્નિદાહના સ્થળથી માત્ર પાંચ ફુટના અંતરે જ કરવામાં આવી. આ દંપતિના એકબીજા પ્રત્યેના લગાવને જોઈ તેમના પુત્ર સહિત તમામ સ્વજનો અને ગ્રામજનો આશ્ચર્યચકિત થઈ જવા પામ્યા છે.

## @ગાંધીનગર

● તટરક્ષક દળ દ્વારા સાંજે ૬.૧૫ કલાકે સે-૧૯, જીમખાના ખાતે ૪૦માં ઈન્ડિયન કોસ્ટગાર્ડની ઉજવણી કરાશે. જેમાં રાજયપાલ ઉપસ્થિત રહેશે.

● સે-૧૭ ટાઉનહોલ ખાતે સચિવાલયના કર્મચારી એલ.એમ. જોષીના નિવૃત્તિ સમારંભ અંતર્ગત રાત્રે ૯.૦૦ કલાકે મ્યુઝીકલ ઈવેન્ટ યોજાશે.

● સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા સાંજે ૪ કલાકે સે-૭, સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી ખાતે કાઉન્સિલની માસિક બેઠક યોજાશે. ત્યારબાદ ડૉ. મિહિરભાઈ જોષી દ્વારા ગાંધી વિનોબાનો સર્વોદયવાદ વિષય ઉપર વાર્તાલાપ યોજાશે.

● કડી સર્વ વિદ્યાલયના સે-૨૩ અને સે-૧૫ના એલડીઆરપી કેમ્પસ ખાતે સ્વ. માણેકલાલ પટેલની જન્મજયંતિ નિમિત્તે સવારે ૮.૦૦ કલાકે રકતદાન શિબિર યોજાશે.

- નજાહખાનમ સૈયદ





સિનિયર સિટીઝન કાઉન્સિલ, અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ રોટરી કલબ ઓફ કેપીટલ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ, સેકટર-૨-સરકારી દવાખાના ખાતે યોજાયો હતો. જેનો શહેરના રહીશોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

## પી.કે. ચૌધરી કોલેજમાં બ્યુટીફીકેશન વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં બી.એ. હોમસાયન્સ વિભાગની વિદ્યાર્થીનીઓ માટે વુમન એમ્પાવરમેન્ટ વિષય અંતર્ગત એક અઠવાડીયાના બ્યુટીફીકેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના જાણીતા બ્યુટીશ્યન અમીબેન પટેલ દ્વારા વિદ્યાર્થીનીઓને વિવિધ પ્રકારના મેકઅપ, સાડી ડ્રેપીંગ, હેરસ્ટાઈલ, ત્વચાની સંભાળ વગેરે બાબતો ઉપર નિદર્શન આપવામાં આવ્યું હતું. વર્કશોપના અંતે કોલેજના આચાર્યા ડૉ. ઉર્મીલાબેન ચૌધરીએ વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર આપ્યા હતા.

આ ઉપરાંત હોમસાયન્સના હાઉસ પ્લાનીંગ એન્ડ લેન્ડ સ્કેપીંગ વિષય અંતર્ગત વિદ્યાર્થીનીઓને અમદાવાદ રીવરફ્રન્ટ ઉપર યોજાયેલ ફલાવર શોની મુલાકાતે પણ લઈ જવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન હોમસાયન્સના પ્રાધ્યાપક પ્રતિમા છનિયારા દ્વારા કરવામાં આવ્યું હતું.

## વાતવાતમાં

● નગરમાં પ્રથમવાર આયોજિત હાફ મેરેથોન દોડમાં અનેક દોડવીરો બહારગામથી ભાગ લેવા આવ્યા હતા. આ દોડવીરોને વહેલી પરોઢે ગાંધીનગરમાં 'ઓપન થીયેટર' કયાં આવ્યું છે તે કોને પુછવું તે મુંઝવણ ઉભી થવા પામી હતી.

● હાફ મેરેથોનમાં ભાગ લેનાર ઘણા દોડવીરો ચાલુ દોડે પણ મોબાઈલ પર વાત કરતા જોવા મળ્યા હતા. મોબાઈલ ફોનનો ક્રેઝ કહો કે જરૂરિયાત એટલી હદે વધી જવા પામી છે કે સ્વાસ્થ્ય માટે દોડી રહેલા દોડવીરો પણ મેરેથોન પુરતા તેનાથી વિમુકત રહી શકતા નથી.

● હાલ ટ્રાફિક પોલિસ દ્વારા સુરક્ષા કારણોસર નગરના વાહન ચાલકોના તમામ ડોકયુમેન્ટસ ચેક કરાઈ રહ્યાં છે. જો કે આ કાર્યવાહીમાં ખાસ કરીને ટુ વ્હીલર્સ ચાલકોને વાહનના ડોકયુમેન્ટસ સાથે રાખવા અઘરા પડતા હોઈ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

● શનિવારે રાત્રે ઉવારસદ-ગાંધીનગર માર્ગ પર એક લકઝુરિયસ કાર ઘણી ચર્ચાસ્પદ બની હતી. આ કારનું રૂપ ટોપ ખોલી એક યુવા પ્રણય બેલડી ચાલુ કારે ફિલ્મી સ્ટાઈલથી બિન્દાસ્ત રોમાન્સ ફરમાવતી પસાર થઈ રહી હતી.

● ગાંધીનગરમાં કેટલાક સમયથી બિહારથી આવેલા કેટલાક લારીવાળા નાની સાઈઝવાળી મઠડી સીંગ વેચી રહ્યા છે. જેનો સ્વાદ નગરજનોને જીભે લાગી ગયો છે. આ વેપારીઓને પણ ગાંધીનગરમાં શાંતિપૂર્ણ માહોલમાં પેટનો ખાડો પૂરાય તેટલો ધંધો મળી રહેતા શહેર કોઠે પડી ગયું છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્ર ગાંધીનગર દ્વારા વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૩૧

શ્રી એસ.કે. પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, ગાંધીનગર ખાતે યુવાનોના પ્રેરણાસ્ત્રોત સ્વામી વિવેકાનંદ એ વિષય પર એક વ્યાખ્યાનનું આયોજન તા. ૨૯મી જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું હતું.

મેનેજમેન્ટના વિદ્યાર્થીઓને સંબોધતા કેન્દ્રના અધ્યક્ષ રજનીકાંત ભટ્ટે જણાવ્યું હતું કે ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના બધા જ નેતાઓ સ્વામી વિવેકાનંદના શકિતદાયી વિચારોથી અત્યંત પ્રભાવિત થયા હતા. વિશ્વના અનેક વિદ્વાનો અને બુધ્ધિજીવીઓ પણ સ્વામી વિવેકાનંદના વિચારોથી અભિભૂત થયા હતા. આજની યુવા પેઢીને સ્વામી વિવેકાનંદના શકિતદાયી વિચારોની અત્યંત આવશ્યકતા છે. શકિત, સામર્થ્ય, સત્ય, નિર્ભયતા, નિઃસ્વાર્થતા, સેવાભાવ અને દેશપ્રેમ જેવા મહાનગુણો સ્વામી વિવેકાનંદ પાસેથી શીખવા મળે છે.

આ કાર્યક્રમમાં પ્રશ્નોત્તરી પણ રાખવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પ્રો. સોનુ ગુપ્તા, કેન્દ્રના સહમંત્રી પ્રકાશ રાઠોડ, પ્રો. કૃપા મહેતા અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આજે એલ.એમ. જોષીનો નિવૃત્તિ સમારંભ

## ટાઉનહોલ ખાતે યોજાનાર નિવૃત્તિ સમારંભ સાથે મ્યુઝિકલ ઈવેન્ટનું પણ આયોજન

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના સચિવાલયમાં ૩૪ વર્ષ જેટલો લાંબો સમયગાળો વિતાવનાર કર્મચારી નિવૃત્ત થઈ રહ્યા છે. નિવૃત્તિ એટલે જીંદગીની એક નવી શરૂઆત માનનાર આ કર્મચારીએ પોતાના નિવૃત્તિ સમારંભનું ધમાકેદાર આયોજન કર્યું છે. સચિવાલયના પોતાના સહકર્મીઓને સ્વજનો-મિત્રોને તમામને મ્યુઝિકલ ઈવેન્ટ દ્વારા પાર્ટી આપવાનું આયોજન તેમણે હાથ ધર્યું છે.

સચિવાલયના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગમાં ઉપસચિવપદે કાર્યરત એલ.એમ. જોષી નિવૃત્ત થઈ રહ્યા છે. તેમનો નિવૃત્તિ સમારંભ તા. ૧લી ફેબ્રુઆરી સોમવારે સે-૧૭માં ટાઉનહોલ ખાતે સાંજે ૬.૩૦ કલાકે યોજાશે. સાંજે ૭.૦૦ કલાકે ભોજન સમારંભ યોજાશે. આ સમારંભમાં મ્યુઝિકલ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. મ્યુઝિકલ ઈવેન્ટમાં વોઈસ ઓફ મોહમ્મદ રફી તરીકે જાણીતા અભિજિત રાવ અને કમલેશ સ્વામીની સ્વામી ઓરકેસ્ટ્રા એન્ડ પાર્ટી સંગીતમય કાર્યક્રમ પ્રસ્તુત કરશે. આ સંગીતમય કાર્યક્રમ નિવૃત્તિ સમારંભના અંતે ભોજન સમારંભ બાદ રાત્રે ૯.૦૦ કલાકે ટાઉનહોલ ખાતે યોજાશે.



ગાંધીનગર શહેર નજીક પેથાપુર-ગાંધીનગર માર્ગ પર આજે સવારના અરસામાં એસ.ટી.બસ અને લકઝરી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પાછળથી આવતી લકઝરી બસ આગળ જતી એસ.ટી. બસની પાછળ ઘુસી જતા અકસ્માત થયો હતો. જો કે સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજાઓ કે જાનહાનિ થવા પામી ન હતી.

# શહેરમાં રમત ગમતની કીટ આડેધડ મૂકાતા વસાહતીઓમાં રોષ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કોર્પોરેટરોને ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી શહેરમાં વસવાટ કરતા બાળકો માટે રમત ગમતની કીટ ગાર્ડનમાં મુકવા જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ આ કીટ ગાર્ડનની સાથે સાથે સેકટરના આંતરીક માર્ગ પર આવેલા ચોકમાં મૂકવામાં આવે છે. ગાર્ડન વગર ખુલ્લા ચોકમાં મુકાતી કીટથી નગરના વસાહતીઓ ત્રાહીમામ થઈ ઉઠયા છે. વસાહતીઓ દ્વારા રમત ગમતની કીટ યોગ્ય સ્થાને મુકવા ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી છે. ગાંધીનગર શહેરના સેકટરોમાં બાળકોના મનોરંજન માટે બગીચા છે પરંતુ ઉજજડ ભાસતા બગીચામાં રમત ગમતના સાધનો ન હોવાથી બાળકો બગીચા તરફ દષ્ટિ પણ કરતા ન હતા ત્યારે તાજેતરમાં મનપાના કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી શહેરના દરેક બગીચામાં રમત ગમતની કીટ મુકવામાં આવી છે પરંતુ ગાર્ડનમાં કીટ મુકવાની સાથે સાથે મનસ્વી રીતે સેકટરોના આંતરિક માર્ગ પર, ચોક તેમજ કોમન પ્લોટમાં કીટો મુકી દેવાતા સ્થાનિક વસાહતીઓમાં રોષ ફાટી નીકળ્યો છે. શહેરમાં ગાર્ડન સિવાય વધારાની હોય હોય તે રીતે કીટો ગમે ત્યાં મૂકી દેવાતી હોવાના સૂરો ઉઠવા પામ્યા છે. સેકટર-૫બી માં રહેતા જયોતિબેન મેનન જણાવે છે સેકટર-૫-બી મહાકાળી મંદિર સામે કીટ અમારી ઘરની નજીક લગાવવામાં આવી છે. જેના કારણે વસાહતીઓના અન્ય ઉપયોગ અર્થે રાખેલ કોમન ચોકમાં સાધનો મુકતા વસાહતીઓને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. બાળકો દિવસ દરમિયાન લડતા-ઝઘડતા રહેતા હોવાથી બિભત્સ શબ્દો તેમજ પથ્થરમારો કરતાં હોવાથી બારીના કાચ તુટે તેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે. ખુલ્લા પ્લોટમાં સાધનો રમવા માટે બાળકો આવતા હોવાથી ધૂળ ઉડવાના કારણે બારી બારણા બંધ રાખવા પડે છે જયારે અસ્થમાની બિમારીથી પીડાતા દર્દીની બિમારીમાં વધારો થવા પામ્યો છે. રમતગમતની કીટ મૂકવામાં આવી છે ત્યાં જ ટોરેન્ટની હાઈ વોલ્ટેજ એમ.એસ.પી. લગાડવામાં આવેલ છે. તેમજ વળાંક પર વાહનો આવતા જતાં હોવાથી અકસ્માતનો ભય રહેલો છે જેથી બગીચા કે શાળામાં રમત ગમતની કીટ મૂકવા તંત્રને જણાવાયું છે. શહેરમાં આડેધડ મુકેલી કીટો સત્વરે હટાવવા ઉચ્ચ કક્ષાએ રજુઆત વસાહતીઓએ કરી છે.

# ઈન્ફોસીટી પાસે રાત્રે અસામાજીક તત્વોનો ત્રાસ

ગાંધીનગર, તા.૩૧

ઈન્ફોસીટીની આસપાસના વિસ્તારમાં ગાડીઓ લઈને બેફામ સ્પીડે આંટા મારી ત્યાં અવર જવર કરતી યુવતીઓને ઈમ્પ્રેશ કરવાના પ્રયત્નો કેટલાક અસામાજીક તત્વો કરતા હોય છે. અન્ય વાહનચાલકોને ભયભીત કરીને તેમને બિન્દાસ્ત ગાળાગાળી કરી ધમકાવતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ગઈ રાત્રે સેકટર-૬ના યુવાનને પણ આ ટોળકીનો કડવો અનુભવ થયો હોવાનું જાણવા મળ્યું છે. સેકટર-૭ પોલીસને યુવાને ઘટના અંગે જાણ પણ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈ કાલે મોડી સાંજે સેકટર-૬ ખાતે રહેતા યુવાન કશ્યપભાઈ નિમાવત તેમના મિત્ર જયેશભાઈ સાથે અડાલજ શનિમંદિરે દર્શન કરવા ગયા હતા ત્યાંથી રાત્રે પરત આવ્યા બાદ જયેશભાઈએ મિત્ર કશ્યપભાઈને ઈન્ફોસીટી ખાતે સ્થિત નિયો પોલીટન પીઝા સેન્ટર નજીક મુકેલા તેમના બાઈક પાસે ઉતાર્યા અને પોતાની ગાડી લઈને પોતાના ઘર તરફ નિકળી ગયા હતા. રાત્રે સાડા અગિયાર વાગ્યાના અરસામાં કશ્યપભાઈ તેમનું બાઈક લઈને ઈન્ફોસીટી ગેટથી પોતાના ઘર સે-૬ તરફ જવા માટે નીકળ્યા હતા. ધૂમ સ્પીડે એક કાર ત્યાંથી નીકળી એટલે કશપભાઈએ શોર્ટ બ્રેક લગાવીને બાઈક ઉભું કરી દીધું. કશ્યપભાઈ કાંઈ સમજે તે પહેલા જ તે કારમાં બેઠેલા ચાર શખ્સોએ કાર ઉભી કરીને બેફામ ગાળાગાળી શરૂ કરી દીધી અને અમે તો આમ જ ફરવાના... કહી દમદાટી આપવા લાગ્યા હતાં. રૂપિયાના નશામાં ધૂત તત્વોની સામે જીભાજોડી કરવા કરતાં સ્થળ પરથી મુનાસીફ માનીને બાઈક લઈને કશ્યપભાઈ ત્યાંથી નીકળી ગયા હતા ત્યાર બાદ જીજે-૧૮ બી.એ. ૪૬૬માં સવાર અજાણ્યા ચાર તત્વો સામે સે-૭ પોલીસ સ્ટેશને જઈને આ ઘટના અંગે જાણવાજોગ પણ નોંધાવી છે. પીએસઆઈ ચૌધરીએ તે અંતર્ગત તપાસ શરુ કરી છે.

# પાર્કિંગ માટે જગ્યા હોય તોજ વાહન ખરીદજો

## દિવસે ને દિવસે વાહનોની સંખ્યામાં થઈ રહેલો વધારો ટ્રાફિક સાથે પાર્કિંગની સમસ્યા પણ વિકરાળ બનાવી રહ્યો છે



લાગ્યું એવું લખ્યું
સમીર રામી

ગાંધીનગર, તા.૩૧

વર્ષો પહેલા કોઈકે એવી આગાહી કરી હતી કે 'ત્રીજુ વિશ્વ યુધ્ધ પાણી માટે થશે' જો કે અત્યારના સમયમાં એવું લાગી રહ્યું છે કે ત્રીજુ વિશ્વ યુધ્ધ જો પાણી માટે નહીં થાય તો પાર્કિંગ માટે તો અવશ્ય થશે જ. જુના જમાનામાં વાહનોના બદલે પશુ પાળવામાં આવતા હતા. આ પશુઓ માટે પહેલા તેમને બાંધવાની-રાખવાની જગ્યાની યોગ્ય વ્યવસ્થા કરાતી હતી પછી જ તેની ખરીદી કરાતી હતી. વિકાસના નામે અડાબીડ જંગલની વનસ્પતિની વસ્તીની જેમ વધી રહેલી કોંક્રિટની ઈમારતો પર્યાવરણ સહિત પાર્કિંગનો ગંભીર પ્રશ્ન પેદા કરી રહી છે. કલાકો અને દિવસો સુધી ચાલનારા ટ્રાફિક જામની સમસ્યા સાથે પાર્કિંગની મુસીબતરૂપી બાપ-પ્રોડકટ પણ ફ્રી મળી રહી છે.

ઓટો મોબાઈલ ક્ષેત્રે દિવસે ને દિવસે વિક્રમજનક વેચાણના આંકડા જાહેર થવાની સાથે ટ્રાફિક જામ અને પાર્કિંગની સમસ્યા વધુને વધુ મ્હોં ફાડીને ઉભી થઈ રહી છે. ગાંધીનગર અને અમદાવાદ ભલે સ્માર્ટ સીટી બનવા થનગની રહ્યા હોય પરંતુ અહીં અસંખ્ય સોસાયટીઓ એવી છે કે જેમાં રહીશોએ પોતાના વાહનો દૂર કોમન પ્લોટમાં ભગવાન ભરોસે પાર્ક કરવા પડી રહ્યાં છે. હવે તો માત્ર ફોર વ્હીલર જ નહી પરંતુ ટુ વ્હીલર્સ માટે પણ પાર્કિંગની જગ્યા ખૂટવા લાગી છે જેના કારણે પડોશીઓ એકબીજા સાથે બાખડી પડવા પણ લાગ્યા છે. જયાં લાખ્ખો બેઘર



(તસવીર : કશ્યપ નિમાવત)

નાગરિકોને પોતાનું શરીર કયાં પાર્ક કરવું જેથી તેને ટાઢ-તડકો કે વરસાદથી રક્ષણ આપી શકાય તેવી પરિસ્થિતિ છે ત્યાં અસંખ્ય અબૂધ નાગરિકો એવા પણ છે કે પાર્કિંગ માટે ભલે વ્યવસ્થા ના હોય પણ તેમને વાહન ખરીદવાનો શોખ જરૂર પૂરો કરવો છે.

કોઈ પણ સોસાયટી કે શોપીંગ કોમ્પ્લેક્ષનું નિર્માણ કરાય ત્યારે અગાઉથી પાર્કિંગ માટે પૂરતી સ્પેસ ફાળવવી જરૂરી હોય છે. પરંતુ ભ્રષ્ટાચારના પ્રતાપે ઉલ્ટી ગંગા એવી વહેતી જોવા મળે છે કે ઈમારતનું નિર્માણ થયા પછી પાર્કિંગ લોટ દર્શાવાય છે. પશ્ચિમમાં કેટલાક દેશોમાં એવો કાયદો છે કે તમારે વાહન ખરીદતા પહેલા તમારા ઘરે અને ઓફિસે તેના પાર્કિંગ માટે પૂરતી જગ્યા છે તે સાબિત કરી બતાવવું પડે. બાકાયદા તેની સ્થળ તપાસ કરાય પછી જ તમે વાહન ખરીદી શકો. જો કે આપણે ત્યાં પ્રત્યેક નવા કાયદા 'ખાયકી' માટેની નવી બારી ખોલી આપે છે. ગાંધીનગર સહિત લગભગ તમામ શહેરોમાં અઢળક કોમર્શિયલ કોમ્પ્લેક્ષ એવા છે જયાં પાર્કિંગ માટે બનાવાયેલા ભોંયરા કે ગ્રાઉન્ડ ફલોરની જગ્યાઓ મંજુરી મળ્યા પછી વેચી દેવાયા હોય અને તેમાં પાછા ગોડાઉન કે ચા નાસ્તાની કેન્ટિનનો વિકાસ થઈ ચૂકયો હોય છે. આ જ કેન્ટિનોના કારણે પોતાનું વાહન રસ્તા પર પાર્ક કરનારા ત્યાં જ બેસીને ચા નાસ્તો પણ કરતા હોય.

'મહેમાં જો હમારા હોતા હૈ વો જાન સે પ્યારા હોતા હૈ' તેવું ગર્વપૂર્વક ગાતા દેશમાં લગભગ તમામ કોમ્પ્લેક્ષ અને સોસાયટીના મુખ્ય દ્વારે અદાલતના આદેશની વિરુદ્ધ એક બોર્ડ અચુક લગાડેલું જોવા મળે છે જેમાં લખ્યું હોય છે 'મુલાકાતીએ પોતાના વાહન બહાર પાર્ક કરવા' જો કોઈ કોમ્પ્લેક્ષ હશે જયાં વ્યાપાર ધંધા ચાલતા હશે અથવા જે સોસાયટીમાં પરિવારો રહેતા હશે ત્યાં સ્વાભાવિક રીતે જ મુલાકાતીઓ અને મહેમાનો તો આવવાના જ ને? શું ગેસ્ટ પાર્કિંગની વ્યવસ્થા આ ઈમારતના વપરાશકારોની ખરી કે નહી? વળી, જેઓ પોતાનું વાહન પાર્કિંગ કરે છે તેમણે પણ વાહન શકય હોય તેટલી ઓછી જગ્યા રોકે જેથી વધુ વાહનો પાર્કિંગ કરી શકાય તેટલી નૈતિક જવાબદારી પણ આપણે નિભાવી ના શકાય?

પ્રતિભાવો : samirtalod@yahoo.com

# માણસાનાં ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂના અડ્ડાઓ પર જનતારેડ..!!

## ક્ષત્રીય ઠાકોર સેનાએ વડીલોને સાથે રાખીને દરોડા પાડયા : ચરાડા અને ધોળાકુવામાંથી ૮ કેરબા વોશ મળ્યો

ગાંધીનગર, તા.૩૧

ક્ષત્રીય-ઠાકોર સેના દ્વારા વ્યસન મુકિત અભિયાન ચલાવાઈ રહ્યું છે. જે અંતર્ગત આજે માણસા તાલુકા ક્ષત્રીય ઠાકોર સેનાના પ્રમુખ નિલેશજી ઠાકોર તથા યુવા કાર્યકરોએ વડીલોને સાથે રાખીને માણસાના ગ્રામ્ય વિસ્તારોમાં ધમધમતા દેશી દારૂના અડ્ડાઓ પર જનતારેડ કરી હતી. માણસાનાં ચરાડા અને ધોળાકુવા ગામમાં મળી આવેલા ભઠ્ઠામાંથી ૮ થી ૧૦ કેરબા દેશી દારૂ ગાળવા વપરાતા વૉશ મળી આવતા તેનો નાશ કરવામાં આવ્યો હતો હજુ પણ આવનારા દિવસોમાં પોલીસ વ્યસન મુકિત અભિયાનને સપોર્ટ નહી કરે તો જનતા રેડ ચાલુ રખાશે...!!

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર રમતીબેન બાદરજી, ઉ.વ. ૭૫
- સ્વ. સુભદ્રાબેન જયંતિલાલ ઉપાધ્યાય, ઉ.વ. ૭૫
- સ્વ. ઠકકર અશોકકુમાર વ્રજલાલ, ઉ.વ. ૪૫
- સ્વ. ઉષાબેન હરીલાલ સંઘવી, ઉ.વ. ૮૬
- સ્વ. દરજી કેશવલાલ હરજીવનદાસ, ઉ.વ. ૬૮